## જન્મદિને વધામણી



ક્રિશા મૌલિક મહેતા



મિસરી એમ. પટેલ
મો. ૯૯૨૫૨ ૭૯૫૫૫



યોગી રામદાસજી રાવળ
કથાકાર
મો. ૯૦૩૩૭ ૪૪૬૦૪



ભગવાનભાઈ કા ગોહેલ
પ્રમુખ, ગાંધીનગર શહેર મોચી સમાજ
મો. ૯૯૭૮૪ ૪૨૦૪૪

# જિલ્લામાં કૃષિ સહાય માટે ૫૭ હજારથી વધુ ખેડૂતોએ રજીસ્ટ્રેશન કરાવ્યુ

### રજીસ્ટ્રેશન માટે આજે અંતિમ દિવસ : સર્વર ઠપ્પ થઈ જવાથી ખેડૂતોમાં નિરાશા

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં કૃષિ સહાય મેળવવા માટે આજ સુધીમાં ૫૭ હજારથી વધુ ખેડૂતો રજીસ્ટ્રેશન કરાવી ચુક્યા છે આ પૈકી ૨૦ હજારથી વધુ ખેડૂતોને રૂ. ૧૧ કરોડથી પણ વધુની સહાય ચુકવી દેવામાં આવી છે.

કમોસમી વરસાદને પગલે રાજ્ય સરકારે ખેડૂતોને રૂ. ૬૮૦૦ અને રૂ. ૪ હજાર લેખે સહાય ચુકવવાનો નિર્ણય કર્યો હતો. આ માટે અરજી કરવાનો આજે ૩૧મી ડિસમ્બર અંતિમ દિવસ છે.

ખેડૂતોના ધસારાને કારણે સર્વર ઠપ્પ થઈ જતાં ખેડૂતો નિરાશ પણ બન્યા છે. સવારે ૧૧ વાગ્યા સુધી આ એપ્લીકેશન માટેનું સર્વર બરાબર ચાલ્યુ હતુ પરંતુ આ પછી ધીમે ધીમે તેની ગતિ ઘટવા માંડી હતી અને બપોરે ૧૨ વાગે તો લગભગ ઠપ્પ થઈ ગયુ હતુ.

આ સ્થિતિને લઈ આજે ઘણા બધા ખેડૂતો જિલ્લાકક્ષાની કચેરીએ પણ આવી પહોંચ્યા હતા. તેમણે સર્વર ઠપ્પ થઈ ગયાની રજુઆત કરી હતી. જો કે તંત્રએ આ બાબતે સત્તાવાળાઓનું ધ્યાન દોરી સર્વરની ક્ષમતામાં વધારો કરવા જણાવ્યુ હતુ.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લામાં અત્યાર સુધીમાં ૨૦ હજાર જેટલા ખેડૂતોને રૂ. ૧૧ કરોડથી વધુની સહાય ચૂકવી આપવામાં આવી છે. અરજીઓની ચકાસણીની કામગીરી હાલ મિશન મોડ પર ચાલી રહી છે અને ૧૦મી જાન્યુઆરીથી ૧૪ જાન્યુઆરી સુધીમાં લગભગ તમામ અરજીઓનો નિકાલ થઈ જાય તે રીતે આયોજન કરવામાં આવ્યુ છે.

બીજી તરફ સર્વર ઠપ્પ થઈ જવાની રજુઆતો સરકારને બીજા પણ જિલ્લાઓમાંથી મળી છે અને કદાચ ખેડૂતોના હિતમાં સરકાર મુદત વધારવાનો નિર્ણય પણ લઈ શકે તેવા સંકેતો સચિવાલયના સૂત્રોમાંથી મળી રહ્યા છે. જો કે આ અંગેનો નિર્ણય કાલે જ લેવામાં આવશે તેમ પણ આ સૂત્રોએ જણાવ્યુ છે.



ઠંડીથી રક્ષણ - સમગ્ર રાજ્યમાં કડકડતી ઠંડી પડી રહી છે... નાગરિકો ગરમ કપડમાં સજ્જ થઈને ઘરની બહાર નિકળતા હોય છે... બીજી તરફ અબોલ પ્રાણીઓને પણ ઠંડીની અસર થઈ રહી છે... અબોલ પ્રાણીઓને ઠંડીથી રક્ષણ આપવા હીટરની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે...

# રાજ્યભરમાં કોલ્ડવેવ

### નલિયા ખાતે પારો ૬ ડિગ્રી : એકાએક ઠંડીના જોરદાર ચમકારાથી ગરમવસ્ત્ર બજારમાં તેજી જામી : લઘુત્તમ તાપમાન હજુય ઘટે તેવા સાફ સંકેતો

ગાંધીનગર, તા. ૩૦

નલિયા સહિત ગુજરાતભરમાં કોલ્ડવેવની સ્થિતિ પ્રવર્તી રહી છે જેથી સમગ્ર ગુજરાત ઠંડુગાર બની ગયું છે. મોટાભાગના વિસ્તારોમાં પારો ખુબ જ ગગડી ગયો છે. નલિયામાં લઘુત્તમ તાપમાન ૬ ડિગ્રી થયું છે. રાજ્યના અન્ય ભાગોમાં પણ પારો ૧૦થી નીચે પહોંચ્યો છે જેમાં ડિસામાં ૮.૭, પોરબંદરમાં ૯, રાજકોટમાં ૮.૩, કેશોદમાં ૮.૮, ભુજમાં ૭.૨, નલિયામાં ૬, કંડલા પોર્ટ ખાતે નવ અને એરપોર્ટ ખાતે પારો ૯.૮ ડિગ્રી રહ્યો છે. કોલ્ડવેવની ચેતવણી જારી કરવામાં આવતા લોકો સાવધાન થઈ ગયા છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર અને કચ્છમાં કાતિલ ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. પોરબંદર, રાજકોટ અને કચ્છમાં લોકોની હાલત કફોડી બનેલી છે. હવામાન વિભાગના કહેવા મુજબ ઠંડીના પ્રમાણમાં હજુ પણ વધારો થઈ શકે છે. અમદાવાદમાં પણ ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. અમદાવાદમાં આજે પારો ૧૨.૫ ડિગ્રી રહ્યો હતો. રાજસ્થાનથી ઉત્તરપૂર્વ અરેબિયન દરિયાથી ઠંડા પવનો ફુંકાઈ રહ્યા છે જેના પરિણામ સ્વરુપે તીવ્ર ઠંડી જોવા મળી રહી છે. સમગ્ર ઉત્તર ભારત કાતિલ ઠંડીના સકંજામાં આવેલું છે. રાજસ્થાન, પંજાબ, હરિયાણામાં મોટાભાગના વિસ્તારોમાં પારો ત્રણથી લઈને ૫ ડિગ્રીની વચ્ચે રહ્યો છે જેથી જનજીવન ખોરવાયેલું છે. ટ્રેન અને વિમાની સેવા પણ ધુમ્મસના કારણે ખોરવાઈ ગઈ છે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં પણ આવી જ સ્થિતિ રહેશે જેમાં પોરબંદર, અમરેલી અને રાજકોટનો સમાવેશ થાય છે. અમદાવાદમાં હવે રાત્રિ ગાળામાં ઠંડીના લીધે ટ્રાફિકની સ્થિતિ ઓછી જોવા મળી રહી છે. અમદાવાદ શહેરમાં વહેલી સવારથી જ લોકો ગરમ વસ્ત્રોમાં નજરે પડે છે. વહેલી સવારમાં બાગ બગીચા હવે હાઉસફુલ નજરે પડી રહ્યા છે. તીવ્ર ઠંડીના લીધે જનજીવન ઉપર પણ અસર થઈ છે.

રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં આગામી દિવસોમાં ઠંડી વધવાના સંકેત છે. હવે ધીરેધીરે ઠંડી પોતાની અસર દેખાડતી જઈ રહી છે. ત્યારે આગામી દિવસોમાં હજુ પણ ઠંડીનો પારો વધુ નીચે સરકે તેવી આગાહી વ્યકત કરાઈ છ. ગાંધીનગર-અમદાવાદમાં ઠંડીનો ચમકારો રહેતા લોકો ગરમ વસ્ત્રોમાં સજ્જ દેખાયા હતા.

# અડાલજ કેનાલ અને સાબરમત્તી નદીના બ્રિજને પણ પહોળો કરાશે

### ચિલોડા સરખેજ માર્ગના પ્રોજેક્ટ અન્વયે રૂટમાં સાત ઓવરબ્રિજનુ નિર્માણ કરવામાં આવશે : આ બન્ને બ્રિજને પહોળા કરવા માટે પણ ભારત સરકારને દરખાસ્ત

ગાંધીનગર તા ૩૦

ચિલોડા સરખેજ માર્ગને અનુલક્ષી હાલ પુરજોમાં કામગીરી ચાલી રહી છે.આ માર્ગના પ્રોજેકટને અનુલક્ષી રૂટમાં સાત જેટલા ઓવરબ્રિજનુ નિર્માણ કરવામાં આવશે. જયારે રૂટમાં આવતા કેનાલના બ્રિજેને પણ પહોળો કરવા માટે નવી કાર્યયોજના ટુંકમાં તૈયાર કરી દેવાશે. અલબત્ત આ મામલે પ્રોજેકટ તૈયાર કરી ભારત સરકારને મંજુરી અર્થે દરખાસ્ત રજુ કરી દેવામાં આવી છે. જેથી રૂટમાં ઓવરબ્રિજની સાથે કેનાલ અને નદી પરના બ્રિજનુ કામ પણ માર્ગ વાઈડનીંગની પેટર્ન મુજબ હાથ ધરવામાં આવશે.

ચિલોડા સરખેજ હાઈવે માર્ગનુ કામ પ્રગતિ હેઠળ છે. ઘ-૦, સરગાસણ અને ઉવારસદ ચોકડી પાસે ઓવરબ્રિજ બનાવાની કામગીરી પણ આગામી વાઈબ્રન્ટ પુર્વે પુર્ણ કરી દેવાશે. આ માર્ગના નિર્માણ અન્વયે ચિલોડા સરખેજ રૂટમાં આવતા ક્રોસ રસ્તા પર અંદાજિત સાત જેટલા ઓવરબ્રિજનુ નિર્માણ કરવામાં આવશે. આ ઉપરાંત સર્વિસ રોડ પણ બનાવાશે. હાલ આ માર્ગની ક્ષમતા સામે ટ્રાફિકનુ પ્રમાણ બેવડાયુ છે. જેથી આ માર્ગ પર ટ્રાફિકની અવરજવર શિરદર્દ સમાન બની છે. છેલ્લા કેટલાક સમયથી આ માર્ગ પર ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. ત્યારે આ માર્ગને ડેવલપ કરવાના પ્રોજેકટ અન્વયે અંદાજિત રૂ ૬૦૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. જેથી ચિલોડથી સરખેજ જતા માર્ગ પર ટ્રાફિકની અડચણો દુર થશે. અને વાહનોની અવરજવર પણ સરળ અને સલામત બનશે.

આ ઉપરાંત ચિલોડા સરખેજ રૂટની કાર્યયોજના અન્વયે ઘ-૦ અને સરગાસણ પાસે વાઈબ્રન્ટ સમિટ પુર્વે બ્રિજ તૈયાર કરી દેવાશે. જો કે ઉવારસદ પાસે આગામી એપ્રિલ મહીનામાં ઓવરબ્રિજ તૈયાર કરવાનુ કામ પુર્ણ કરી દેવાશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે. બીજીતરફ આ કાર્યયોજનાને અનુલક્ષી નર્મદા કેનાલના બ્રિજને પણ પહોળો કરવામાં આવશે. સે-૩૦ માં અડાલજ પાસે અને સે-૩૦ માં સાબરમત્તી નદીના બ્રિજને પહોળો કરવા માટે પણ આયોજન કરાશે. આ બ્રિજને પણ માર્ગના પ્રોજેકટને અનુલક્ષી આ પેટર્ન મુજબ અપગ્રેડ કરાશે. જેને અનુલક્ષી નેશનલ હાઈવે ઓથોરિટી કક્ષાએથી આ બન્ને બ્રિજને પહોળા કરવા માટે ડીટેલ પ્રોજેકટ રીપોર્ટ તૈયાર કરી ભારત સરકારને સુપ્રત કરી દેવાયો છે. આ અંગે મંજુરી અપાયા બાદ આગળની કાર્યવાહી હાથ ધરાશે.

# ધનસુરાના વ્યાજખોરોનો ત્રાસ

### વ્યાજખોરોના ત્રાસથી બે બાળકોને નોધારા મૂકી એક બાળક સાથે ૭ દિવસથી ચિઠ્ઠી મૂકી પરિવાર ગુમ


ધનસુરા, તા. ૩૦

જરૂરીયાતમંદ મધ્યમ વર્ગના માણસો આર્થીક સંકડામણના કારણે પોતાના સારા નરસા પ્રસંગો ઉકેલવા અને જરુરીયાતો પુરી કરવા વ્યાજખોરો પાસેથી ઉંચા વ્યાજે નાણા મેળવતા હોય છે. જેનો ફાયદો ઉઠાવી વ્યાજંકવાદીઓ ઉંચુ વ્યાજ વસુલ કરતા હોય છે. અને જો વ્યાજ કે મુદલ ન ચુકવી શકાય તેની મિલ્કતો ગેર કાયદેસર રીતે ધાક ધમકી આપી, ડરાવી, ધમકાવી, પડાવી લેતા હોય છે.પરંતુ સામાન્ય વ્યક્તિઓ તેમના ડરના કારણે પોતાના જીવનનો અંત આણી દેતા હોય છે. કેટલાક પરિવારો ઘરબાર ત્યજી વ્યાજંકવાદીઓના ત્રાસથી પલાયન થઈ જવા મજબુર બને છે આવામાં પોલીસ મૂકરક્ષક બનીને માત્ર ફરિયાદ લખવાના નાટકો કરતી હોય છે વ્યાજંકવાદીઓ કાયદા સાથે રમત રમવામાં તેમને કોઈ પણ પ્રકારનો ડર લાગી રહ્યો નથી.અરવલ્લી જીલ્લા પોલીસ તંત્રની નિષ્ક્રિય કામગીરીના કારણે લોકોને પોતાનો જીવ ગુમાવવાનો વારો આવી રહ્યો છે.

ધનસુરા ગામમાં રહેતા એક શ્રમજીવી પરિવાર ૧૬ વ્યાજખોરના ચક્રવ્યૂહમાં ફસાતા ૧૪ વર્ષીય પુત્ર અને ૧૧ વર્ષીય પુત્રી પાડોશીના ઘરે મૂકી ૭ દિવસ અગાઉ ૭ વર્ષના પુત્ર સાથે ગુમ થઈ જતા ભારે ચકચાર મચી હતી. ઘર છોડતા પહેલા શ્રમજીવી પરિવારે ચિઠ્ઠી લખી વ્યાજખોરોના ત્રાસ અસહ્ય બનતા ઘર છોડવા મજબુર બન્યા હોવાની ચિઠ્ઠી મૂકી જતું રહેતા ધનસુરા પોલીસે ૧૫ વ્યાજખોરો સામે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. વ્યાજંકવાદીઓ સામે ગુન્હો નોંધાતા ધનસુરા છોડી રફુચક્કર થયા હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે અને વ્યાજંકવાદીઓને શખ્ત કાયદાનો પાઠ ભણાવવામાં આવેની માંગ પ્રબળ બની છે.

ધનસુરાના જનતા નગરમાં રહેતા કાળાભાઈ મગનભાઈ ખાંટે ધનસુરામાં નાણાં ધીરધારનો ધંધો કરતા ૧૬ જેટલા શખ્સો પાસેથી જરૂરિયાત હોવાથી વ્યાજે નાણાં લીધા હતા વ્યાજખોરોએ મૂડી અને વ્યાજ કરતા વધુ નાણાંની માંગણી કરી શ્રમજીવી પરિવારની એક ભેંસ, બે ગાય, પતરા, ઘરમાં રહેલી પાઈપો, સોનાની બુટ્ટીઓ, છડા, બેંકમાં પડેલા થોડાગણા નાણાં પણ પડાવી લેતા અને વ્યાજની પઠાણી ઉઘરાણી સતત કરતા અસહ્ય બનેલા વ્યાજખોરોના ત્રાસથી ૭ દિવસ પહેલા બે બાળકોને પાડોશીના ઘરે મૂકી ૭ વર્ષના બાળક સાથે પરિવારે ચિઠ્ઠી લખી ઘર છોડી ગુમ થઈ જતા શ્રમજીવી પરિવારના સાગ-સંબંધીઓએ ભારે શોધખોળ હાથધરાવ છતાં શ્રમજીવી પરિવાર મળી ના આવતા સમગ્ર મામલો પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો ધનસુરા પોલીસે શરૂઆતમાં વ્યાજખોરો સામે ફરિયાદ નોંધવા આનાકાની કર્યા બાદ ફરિયાદ નોંધી હોવાનો આક્ષેપ પરિવારજનોએ કર્યો હતો.





ધનસુરા પોલીસે શ્રમજીવી પરિવારની ચિઠ્ઠી અને રાધાબેન શંકર ભાઈ બારિયાની ફરિયાદના આધારે પ્રશાંત ગોવિંદભાઈ પટેલ, વિજયભાઈ સોમાભાઈ પટેલ, તુશાલભાઈ વસંતભાઈ પટેલ, સમીરભાઈ પ્રવિણ ભાઈ પટેલ, તારાબેન જગદીશભાઈ પટેલ, ભોદીભાઈ, અંકીતભાઈ રમેશભાઈ પટેલ, મયંકભાઈ પટેલ, ચિંતનભાઈ (ભુરાભાઈ) પટેલ, હિતેશભાઈ (ડીગાભાઈ), ચીમનભાઈ પટેલ, નિખીલભાઈ, જીગરભાઈ (બંને, સહજાનંદ ફાઈનાન્સવાળા), ચીરાગભાઈ પટેલ, સોનુભાઈ તથા મેહુલભાઈ (બંને, સાંઈ ફાયનાન્સવાળા), સંદિપભાઈ બારીયા (તમામ રહે, ધનસુરા, અરવલ્લી) વિરુદ્ધ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# નાગપુરથી ગુજરાત તરફ આવતી હતી ટ્રક ચંદ્રાવતી પુલ પરથી નીચે પટકાતા ત્રણના મોત

### બે ગંભીર : આબુરોડ ફોરલેન હાઈવે પર બન્યો ગોઝારો બનાવ

અંબાજી, તા. ૩૦

આબુરોડ ફોરલેન હાઈવે પર ચંદ્રાવતી ગામ પાસે રવિવારના સવારે ટ્રક અચાનક પુલ પરથી નીચે પટકાતા ત્રણ લોકોના મોત થયા હતા જ્યારે બે વ્યક્તિ ઘવાયા હતા. બનાવની જાણ થતાં પોલીસ સ્થળ પર આવી કાર્યવાહી હાથ ધરી હતી.



આબુરોડ નેશનલ હાઈવે નંબર ૨૭ પર નાગપુર તરફથી માલ સામાન ભરીને ગુજરાત તરફ જતી ટ્રક નંબર આર.જે.૨૧- ૬એ ૫૭૧૭ના ચાલકે અચાનક સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા ટ્રક પુલથી નીચે ધડાકાભેર પટકાઈ હતી. જેમાં ટ્રકમાં ભરેલો સામાન રોડ પર વિખેરાઈ ગયો હતો અને ટ્રકમાં સવાર પાંચ ઈસમો પૈકીના ત્રણ ઈસમોને ગંભીર ઈજા થતાં તેઓનું મોત થયું હતું જ્યારે અન્ય બે વ્યક્તિને ઈજા થતાં ૧૦૮ની મદદથી સારવાર માટે લઈ જવાયો હતો. આ ઘટનામાં તેજરામ, હુકમારામ, કુલદીપનું મોત થયું હતુ જ્યારે અન્ય બે વ્યક્તિઓ ઘવાયા હતા. આબુરોડ તાલુકા પોલીસ ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી હાથ ધરી હતી.

# ડીસાના રાજપુર સુકુન પાર્કમાંથી રિક્ષાના એક ટાયરની ચોરી

ડીસામાં ત્રણ દિવસ થી હાડ થીજવતી ઠંડી પડતા જ તસ્કરો સક્રિય થઈ જવા પામ્યા છે રાજપુર સૂકુંન પાર્કમાં ઉભેલી રીક્ષા નું ટાયર નીકળી ને તસ્કરો ફરાર થઈ જતા ચકચાર મચી જવા પામી છે



મળતી માહિતી મુજબ સુકૂન પાર્કમાં રહેતા મેમણ અનિષભાઈ ફેજમોહમમદ ના ઘર આગળ પાર્ક કરેલ નવી રીક્ષાનું ટાયર ગત રાત્રીના સુમારે તસ્કરો ખોલીને લઈને ફરાર થઈ જતા ચકચાર મચી જવા પામ્યો છે અગાઉ પણ આ સોસાયટીમાં ઘરની ઓસરીમાંથી ગેસના બાટલા સહિત અનેક ચોરીઓ થયેલ છે આ અગે દક્ષિણ પોલીસ રાત્રી પેટ્રોલીગ વધારો તસ્કરરાજ અટકાવે તેવી જન માગ છે રાજપુર પોલીસ ચોકી બંધ હાલતમાં રહેતી હોવાથી તસ્કરોને મોકળું મેદાન મળી જાય છે. જેથી પોલીસ ચોકી કાર્યરત કરી તસ્કરરાજ અટકાવે તેવી જાગૃત નાગરિકોએ માગણી કરી હતી.

## લેન્ડલાઈન ફોન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સેકટરોમાં લેન્ડ લાઈન સેવા છેલ્લા ઘણાં સમયથી ખાડે ગઈ છે. ગ્રાહકોની પારાવાર ફરિયાદોનો હલ આવતો નથી. ત્યારે સેકટરોમાં કોર્પોરેશન દ્વારા આડેધડ હાથ ધરાયેલુ પેવર બ્લોકનુ કામ પણ આ માટે જવાબદાર છે. પેવર બ્લોકની કામગીરીના લીધે રસ્તાઓ નીંચાણમાં ધકેલાઈ ગયા છે. લેવલીંગ પણ જળવાયુ નથી ત્યારે હવે ટેલીફોનના ઈન કેબલોનુ રીપેરીંગ પણ અટવાયુ છે. આ માટે બી એસ એન એલ કક્ષાએથી ત્વરિત કામગીરી હાથ ધરવામાં આવે તેવી પ્રબળ માંગ પણ સ્થાનિકો કરી રહ્યા છે.

## હાજરી ઓનલાઈન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરી દેવામાં આવી હોવાનું વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે. રાજ્ય સરકાર દ્વારા આ ઓનલાઈન હાજરીના નિર્ણય પછી સ્વનિર્ભર શાળાઓ પર પણ ગુણવત્તાસભર શિક્ષણ માટે સીધી નજર રાખવામાં આવશે જે કામગીરી સરળ બનશે તેવો દાવો વિભાગના સૂત્રો દ્વારા કરવામાં આવી રહ્યો છે.

ખાસ કરીને ઓનલાઈન હાજરી વિદ્યાર્થીઓ અને શિક્ષકોની થતાં બાળકોના ડ્રોપઆઉટ રેસિયાનું પણ સાચુ ચિત્ર સરકાર પાસે ઉપલબ્ધ થશે. આ ઉપરાંત સ્વનિર્ભર શાળામાં પણ શિક્ષકોની શૈક્ષણિક લાયકાત સહિતની ઘણી બધી વિગતો સરકારને ઉપલબ્ધ બનશે.

## અન્યાય સામે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ પત્રમાં જોશીએ જણાવ્યુ છે કે વોર્ડ નં. ૭ના સેક્ટરોના આંતરિક માર્ગોના રિસરફેસીંગની વાત હોય કે વરસાદી પાણીના નિકાલ માટે પાઈપલાઈન નાખવાની વાત હોય અમારી કોઈપણ રજુઆત ધ્યાને લેવામાં આવતી જ નથી. ના છૂટકે બપોરે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ફરજ પડશે. આ બાબતે આપ ઝડપથી યોગ્ય નિર્ણય લઈ કાર્યવાહી કરાવશો. બીજુ કે આમ તો આપ કાઉન્સીલરોના કોઈ પત્રોનો પ્રત્યુત્તર આપતા નથી. આ પત્રનો પ્રત્યુત્તર ચોક્કસ સમય-મર્યાદા સાથે આપશો તેવી આશા રાખુ છે.

## એલર્ટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વળી, શહેરની દરેક હોટલ-રેસ્ટોરન્ટ, રિસોર્ટ્સ કે પાર્ટી પ્લોટ્સ પર પણ કાયદાનું ઉલ્લંઘન ના થાય તે માટે પોલીસ વર્દીમાં ઉપરાંત ખાનગી કપડાંમાં હાજર રહી બાજ નજર રાખશે. આ ઉપરાંત શહેરના માર્ગો પર ટ્રાફિક પોલીસ બ્રેધ એનાલાઈઝર વડે સઘન ચેકીંગ હાથ ધરી નશો કરનારાઓને પકડી તેમની શાન ઠેકાણે લાવશે. શહેરમાં રોમિયોગીરી કરનારા તત્વો પણ પોલીસની નજરમાંથી છટકી નહી શકે તેવો બંદોબસ્ત પોલીસતંત્ર દ્વારા ગોઠવવામાં આવ્યો છે તેવુ ડીવાયએસપી રાણાએ જણાવતા કોઈપણ ગુનેગાર ગુનો કરીને છટકી ના શકે તે માટે શહેરના તમામ અગત્યના સ્થળો, શહેરમાં પ્રવેશવાના માર્ગો પર નાકાબંધી સાથે વાહન ચેકીંગ કરવામાં આવશે તેવું જણાવ્યુ હતુ.

## ઠુંઠવાયું

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગંભીર બનેલી છે. બંને રાજ્યોમાં જનજીવન પર માઠી અસર થયેલી છે. રાજ્યના તમામ વિસ્તારોમાં ભેખડો ધસી પડવા અને નવેસરથી પુરના કારણે ૩૨૩ રસ્તાઓ અને રાષ્ટ્રીય રાજમાર્ગ સંખ્યા પાંચ ઉપર વાહનોની અવરજવરને રોકી દેવામાં આવી છે. હિમાચલ પ્રદેશ ઉપરાંત અન્ય રાજ્યોમાં પણ પુરની સ્થિતિ સર્જાયેલી છે. વરસાદ સંબંધિત ઘટનાઓના કારણે લોકોની હાલત કફોડી બનેલી છે. શિમલા આરટીઓ ઓફિસની પાસે ભેખડ ધસી પડતા અફડાતફડી મચી ગઈ છે. જમ્મુકાશ્મીર અને હિમાચલપ્રદેશના ઉંચાણવાળા વિસ્તારોમાં હિમવર્ષા જારી રહી છે. લઘુતમ તાપમાનમાં સતત ઘટાડો થઈ રહ્યોછે. ગુલમર્ગ ખાતે પારો માઈનસ નવ થયો છે. પહેલગામમાં પારો માઈનસ ૧૧ રહ્યો છે. પંજાબ, હરિયાણા અને રાજસ્થાનના જુદા જુદા ભાગોમાં સવારમાં ધુમ્મસની ચાદર જોવા મળી રહી. કેટલાક મેદાની ભાગોમાં પણ પારો શુન્ય સુધી પહોંચી ગયો છે.

## ચીફ ઓફ ડિફેન્સ

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમનું આ પદ 'ફોર સ્ટાર' જનરલની સમકક્ષ હશે અને તમામ સેનાઓના પ્રમુખોમાં સૌથી ઉપર હશે.

સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે રાવતને સીડીએસ બનાવવાની ગણતરી અગાઉથી જ સરકારમાં હાથ ધરાઈ હતી. કેમ કે, ૧૫ ઓગસ્ટે પીએમ નરેન્દ્ર મોદીએ લાલ કિલ્લાથી ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ પદ બનાવવાની ઘોષણા કરી હતી. આ પદ પર સેનાના સૌથી વરિષ્ઠ અધિકારીની નિમણૂક થવાની હતી. જેમાં આખરે રાવત પર પસંદગીનો કળશ ઢોળાયો હતો. ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફની જવાબદારી ત્રણેય સેનાઓ સાથે સંકળાયેલા દરેક મામલામાં રક્ષામંત્રીને સલાહ આપવાની હોઈ તેઓ જ સંરક્ષણમંત્રીના મુખ્ય સૈન્ય સલાહકાર હોય છે. જોકે, સેવા સૈન્ય સાથે સંકળાયેલા અન્ય મામલાઓમાં ત્રણેય સેનાઓના ચીફ પહેલાની જેમ જ રક્ષામંત્રીને સલાહ આપતા રહેશે. ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ સૈન્ય અભિયાન દરમિયાન ત્રણેય સેનાઓ વચ્ચે તાલમેલ બનાવી રાખવાનું છે. ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફના પદ પર ચાર સ્ટાર જનરલ રેક્રના સૈન્ય અધિકારીની નિમણૂક કરી છે. ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફને ત્રણેય સેનાઓના વડાઓની સરખામણીએ પગાર આપવામાં આવશે. ચીફ ઓફ ડિફેન્સ રક્ષા સચિવની પરવાનગી વગર રક્ષા મંત્રી સાથે સીધી મુલાકાત કરી શકશે.

## ભારત છોડી

● અનુસંધાન પહેલાનું ચાલુ

સરહદ નજીક ભારતના જેનૈદ જિલ્લાના મોહેશપુર વિસ્તારમાં મહિલાઓ અને બાળકો સહિત ૩૫૦ લોકોની બોર્ડર ગાર્ડ બાંગ્લાદેશે ગેરકાયદે ઘૂસણખોરી કરવાના આરોપમાં ધરપકડ કરી છે.

બોર્ડર ગાર્ડ બાંગ્લાદેશના અધિકારીઓ અનુસાર ધરપકડ કરવામાં આવેલા મોટાભાગના લોકોએ દાવો કર્યો છે કે તેઓ રોજીરોટી કમાવવા ભારત આવ્યા હતા પરંતુ કોઈ નક્કર પુરાવા આપવામાં તેઓ નિષ્ફળ રહ્યા.

## બ્લાસ્ટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

આઈએમસીના મિથેનોલની ટેન્ક ૩૦૩ નંબરની ટેન્કમાં અચાનક બ્લાસ્ટ સાથે આગ ફાટી નીકળતા દોડધામ મચી ગઈ હતી. ટેન્કમાં અંદાજે ૨૦૦૦ મેટ્રિક ટન મિથેનોલનો જથ્થો ભરેલો હતો, જેના કારણે આગની વિકરાળતા અને વિનાશકતા ખૂબ ઝડપથી પ્રસરી હતી. આગના કારણે કાળાડિબાંગ જેવા ધુમાડાના ગોટેગોટા દૂર ઉંચે સુધી આકાશમાં નજરે પડતાં સમગ્ર વિસ્તારમાં આગની દુર્ઘટનાની જાણ થતાં લોકો દોડતા થઈ ગયા હતા.